
# ગાંધીનગર ઉત્તરની બેઠક માટે ભાજપના ત્રણ કદાવર નેતાઓ જાહેરસભા સંબોધશે


## આજે અને કાલે ગાંધીનગર, પેથાપુર અને રાંધેજામાં સભાનુ આયોજન : આજે સ્મૃતિ ઇરાની રાંધેજામાં અને રાજનાથસિંહ પેથાપુરમાં સભા સંબોધશે : સોમવારે યોગી આદિત્યનાથની સે-૬ ના મેદાનમાં સભા

ગાંધીનગર તા ૯

ગુજરાત વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી આજે પ્રથમ



તબક્કાના મતદાનની પ્રક્રીયા પુર્ણ થયા બાદ હવે બીજા તબક્કાના મતદાન આડે પણ હવે ગણતરીના ચાર દિવસો જ બાકી રહયા છે. આગામી તા ૧૪ ડિસેમ્બરના રોજ મતદાનની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. ત્યારે ચુંટણીને અનુલક્ષી આખરી તબક્કાની પ્રચાર સભા યોજવા માટે પણ રાજકીય પક્ષો દ્વારા આયોજન કરી દેવાયુ છે. ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષ દ્વારા રાષ્ટ્રીય કક્ષાના નેતાઓ પણ ચુંટણી મેદાનમાં પ્રચાર અર્થે સભાઓ ગજાવી ચુકયા છે. એકબાજુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની જાહેરસભાઓ પણ તબક્કાવાર યોજવામાં આવી રહી છે. પ્રથમ તબક્કાના મતદાનની પ્રક્રીયા પુર્ણ થતા રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો સહીત નેતાઓને પણ બીજા તબક્કાને આવરી લેતી બેઠકો પર પ્રચાર કામે લગાવી ગયા છે. આગામી બે દિવસમાં ગાંધીનગરમાં જ વિવિધ ત્રણ ઠેકાણે જાહેર સભાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ભાજપ દ્વારા તા ૧૦ ડિસેમ્બરના રોજ સાંજે ૭ : ૩૦ કલાકે રાંધેજા ખાતે સ્મૃતિ ઈરાનીની જાહેરસભા યોજવાની છે. ગાંધીનગર ઉત્તરની



બેઠક પર ભાજપના ઉમેદવાર અશોક પટેલને જંગી બહુમતીથી વિજયી બનાવવા માટે સ્મૃતિ ઈરાની સભાને સંબોધન કરશે. જયારે સાંજના સમયે વધુ એક સભા પેથાપુરમાં પણ સાંજે યોજાશે. ભાજપની આ સભામાં કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ સભા સંબોધશે. આ ઉપરાંત આગામી સોમવારે રાત્રે ૮ કલાકે સે-૬ ના મેદાનમાં ભાજપના ફાયર બ્રાન્ડ નેતા યોગી આદિત્યનાથની પણ જાહેરસભા યોજવામાં આવશે. હવે મતદાનને માત્ર ચાર દિવસ જ બાકી રહયા હોવાથી પ્રચાર માટે પણ ઉમેદવારો માટે વધુ સમય રહ્યો નથી. આવા સંજોગોમાં અંતિમ તબક્કાની પ્રચાર ઝુંબેશમાં ઉમેદવારો મતદારોને આકર્ષવા જોર લગાવી રહયા છે. સેકટરો અને શેરીઓ ખુંદવા માટે રાત દિવસ પ્રચાર કામગીરી પુરજોશમા ચાલી રહી છે. જયારે ગાંધીનગરમાં પણ પ્રચાર ઝુંબેશ પરાકાષ્ટાએ પહોંચતા રાજકીય માહોલ ગરમાયો છે. શહેરના જાહેર સ્થળો તેમજ રહેણાંક વિસ્તારમાં આમ નાગરિકો ચુંટણીલક્ષી વાતો કરતા નજરે પડે છે. ગાંધીનગર ઉત્તરની બેઠક પર ભાજપના અશોક પટેલ અને



કોંગ્રેસના ડો સી જે ચાવડા વચ્ચે ખરાખરીનો જંગ છે. રસાકસી ભર્યા ચુંટણી જંગને અનુલક્ષી સ્થાનિક નેતાઓ પણ મતોના સમીકરણોનો અંદાજ લગાવતા નજરે પડે છે. આખરી દિવસોમાં પ્રચાર ઝુંબેશને વધુ અસરકારક બનાવવા માટે પ્રયાસો થઈ રહયા છે.



### સરકારી સ્કૂલના બાળકોને વસાહત મહામંડળની હૂંફ

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા અરૂણોદય સેવાટ્રસ્ટ દ્વારા શિયાળાની ઋતુમાં શહેરના વંચિતોને હૂંફ પુરી પાડવા ગરમ વસ્ત્રોનું વિતરણ કાર્ય કરવામાં આવી રહ્યું છે. આ સદ્કાર્યનો પહેલા તબક્કામાં અરવલ્લી જિલ્લાના અંતરિયાળ વિસ્તારની શાળાઓમાં ૩ હજાર ગરીબ બાળકોને હૂંફ પુરી પડાઈ હતી અને હવે ગાંધીનગર શહેરમાં આ સદ્કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. ગાંધીનગરની વિવિધ સરકારી શાળાઓના બાળકોને ગરમ ટોપી સહિતના ગરમ વસ્ત્રોનું વિતરણ કરાયું હતું. આ સદ્કાર્યમાં શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ સહિત ડૉ. ચેતના બુચ, જ્યોત્સના બુચ અને શાળાના આચાર્ય કૈલાશબેન ગામેતિ જોડાયા હતા.

## નરેન્દ્ર મોદી અને અમિત શાહ રાત્રે રાજભવનથી ચાલતા નિકળ્યા..!

### ચાલતા-ચાલતા બંને દિગ્ગજ નેતાઓ ભુપેન્દ્રસિંહના બંગલે ગયા હતા..!

ગાંધીનગર, તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત ચૂંટણીને પગલે હાલ ગુજરાત પ્રવાસે છે. ગઈકાલે હિંમતનગર, કલોલ અને નિકોલ ખાતે જાહેરસભા સંબોધ્યા બાદ રાત્રી રોકાણ ગાંધીનગર ખાતે રાજભવનમાં હતુ. ગઈ રાત્રે રાજભવનથી નરેન્દ્ર મોદી અને અમિત શાહ બંને ચાલતા બહાર નિકળ્યા હતા અને ચાલતા-ચાલતા બંને દિગ્ગજ નેતાઓ ભુપેન્દ્રસિંહના બંગલે ગયા હતા. ભુપેન્દ્રસિંહને રાજભવન બોલાવવાના બદલે બંને દિગ્ગજ નેતાઓ ચાલતા-ચાલતા ભુપેન્દ્રસિંહના બંગલે ગયા તે બાબત પણ ચર્ચા માંગી લે તેવી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ આમાં... મને બે બચન ક્યાં છે એ બતાવી દો... લાઈક અને... શેર...

## શહેર તેમજ ગામડાઓમાં ભાજપે થ્રી ડી સભાના માધ્યમથી પ્રચાર ઝૂંબેશ હાથ ધરી

ગાંધીનગર તા ૯

વિધાનસભાની ચુંટણીમાં બીજા તબક્કાના મતદાનને હવે ગણતરીના દિવસો જ બાકી રહયા છે. ત્યારે ગાંધીનગરમાં ઉમેદવારોએ ચુંટણી પ્રચાર માટે થ્રી ડી સભાનો દૌર શરૂ કરી દીધો છે. સેકટરો તેમજ ગામડાઓમાં ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશ બાદ હવે થ્રી ડી સભા આકર્ષણનુ કેન્દ્ર બની છે. ગાંધીનગર ભાજપ ઉત્તરના ઉમેદવાર અશોક પટેલના પ્રચાર માટે આજથી શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં થ્રી ડી પ્રચાર શરૂ કરી દેવાયો છે.

ગુજરાત વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી રાજકીય પક્ષોની પ્રચાર ઝુંબેશ તેજ ગતિએ ચાલી રહી છે. મતદારોને પોતાની તરફ આકર્ષવા માટે પ્રત્યેક ઉમેદવારો શહેર તેમજ ગામડાઓમાં ડોર ટુ ડોર પ્રચાર કરી રહયા છે. પ્રચાર માટે અનેક તરકીબો અજમાવામાં આવી રહી છે. આવા સંજોગોમાં રીક્ષા પણ લાઉડ સ્પીકર લગાવી પ્રચાર કરવાની પ્રથા હાઈટેક યુગમાં પણ જીવંત છે. સેકટરોની શેરીઓમાં આજે પણ રીક્ષાઓ ફરતી જોવા મળી રહી છે. બીજા તબક્કાની ચુંટણીને હવે માત્ર ગણતરીના ચાર દિવસ જ આડા રહયા હોવાથી પ્રચાર પડઘમને વધુ વેગ આપવામાં આવ્યો છે.

ડોર ટુ ડોર પ્રચાર સાથે સેકટરોમાં સભા યોજવા સહીત અનેક પ્રકારના સાહીત્ય અને ચીજવસ્તુઓ પ્રચારના માધ્યમ બન્યા છે. આવા સંજોગોમાં ઉમેદવારો માટે પણ રાત થોડીને વેશ વધારે તેવા દ્રશ્યો સર્જાયા છે. ટુંકા દિવસોમાં તમામ મતદારો સુધી પહોંચવા માટે મથામણ ચાલી રહી છે. વ્હેલી સવારથી મોડી રાત સુધી ચુંટણી પ્રચાર સાથે રાજકીય પક્ષોના કાર્યાલયો ધમધમતા જોવા મળે છે. પ્રચાર ઝુંબેશને વધુ અસરકારક બનાવવા માટે ઉમેદવારો દ્વારા થ્રી ડી સભા પણ યોજવામાં આવી રહી છે. ગાંધીનગર ઉત્તરના ઉમેદવાર અશોક પટેલના પ્રચાર માટે આજથી થ્રી ડી સભાનો દૌર શરૂ કરી દેવાયો છે. શહેરના સેકટરોમાં તેમજ ગામડાઓમાં પ્રચાર ઝુંબેશને અસરકારક બનાવવા માટે ઉમેદવારની ગેરહાજરીમાં પણ થ્રી ડી પ્રચાર આર્કષણનુ કેન્દ્ર બની છે. ગઈકાલ રાતથી જ શહેરમાં થ્રી ડી પ્રચારનુ યુનિટ ફરતુ જોવા મળી રહયુ છે. આજથી ભાજપે થ્રી ડી પ્રચારના માધ્યમથી મતદારોને પોતાની તરફ કરવા માટે પ્રયાસો શરૂ કરી દીધા છે. શહેરના સેકટરો ઉપરાંત ઉત્તર વિધાનસભાના તમામ ગામોમાં થ્રી ડી પ્રચાર માટે અભિયાન હાથ ધરાયુ છે. પ્રચારમાં થ્રી ડી ટેકનોલોજીના ઉપયોગથી ઉમેદવારો માટે પ્રચાર કામગીરી પ્રમાણમાં સરળ અને ઝડપી બની છે.



આજે ગાંધીનગર મહાનગર ભાજપ યુવા મોરચા દ્વારા અક્ષરધામ મંદિરથી બાઈકરેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી અક્ષરધામથી નીકળીને સે. ૩૦, ૨૯, ૨૮, ૨૭, ૨૬, ૨૫ થઈને જુના સેક્ટરોના આંતરીક માર્ગો અને શેરીઓમાં થઈને ઘ-૫ ચોપાટી ખાતે આવી પહોંચી હતી. જ્યાં રેલીનું સમાપન થયું હતું. આ બાઈકરેલીમાં ભાજપના ૩ હજાર કાર્યકરો જોડાયા હતા. આ રેલીમાં શહેરના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, ભાજપના અગ્રણી આગેવાન રૂચિર ભટ્ટ, ઉરેન પટેલ, યુવા મોરચાના પૂર્વ પ્રમુખ પદ્માસિંહ ચૌહાણ તેમજ યુવા મોરચાના પ્રમુખ જીગર પટેલ ખાસ હાજર રહ્યા હતા. આ રેલી દરમિયાન મતદારોને રિઝવવા પ્રયાસ કર્યો હતો.

## ગાંધીનગર ઉત્તર બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડાને વ્યાપક આવકાર

ગાંધીનગર, તા. ૯

ડૉ. સી. જે. ચાવડા ગાંધીનગર ઉત્તર મતક્ષેત્રના કોંગ્રેસના ઉમેદવાર



છે. ડૉ. સી.જે. ચાવડાએ સતત લોકોની વચ્ચે રહી કરેલા પ્રજાલક્ષી કામો જ તેમની આગવી ઓળખ છે. સમગ્ર ગાંધીનગર જિલ્લાનાં તમામ વર્ગ અને સમાજમાં આત્મીયતાથી સંબંધો ઉભા કરનાર ડૉ. સી.જે. ચાવડા રાજયભરના કર્મચારીઓથી લઈ રાજકારણીઓ સુધી ‘આ તો આપણો માણસ...ની’ ઓળખ ધરાવે છે. ગાંધીનગર વિધાનસભા બેઠકના ઈતિહાસમાં સૌથી વધારે ૨૧૦૨૮ મતની સરસાઈથી વિજયી થવાનો વિક્રમ ધરાવતા ડૉ. સી.જે. ચાવડાના કોઈ શત્રુ કે અસંતુષ્ટો નથી. તે ઘણી મોટી ઉપલબ્ધિ છે. ભાજપ સરકારના સહકાર મંત્રીને જ આટલી મોટી સરસાઈથી હરાવનાર ડૉ. સી.જે. ચાવડાનો વિજયરથ આ વખતે પણ સૌથી આગળ દોડી રહ્યો છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ‘કરો યા મરો’ ના જંગમા હવે માત્ર એક અઠવાડિયુ જ બાકી રહ્યું છે ત્યારે પાટનગરમાં ચરમસીમાએ પહોચેલા ચૂંટણી પ્રચારમા ગાંધીનગર ઉત્તર બેઠકના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડાને લોકસંપર્ક દરમિયાન અભૂતપૂર્વ આવકાર મળ્યો છે. ગાંધીનગર અને ૧૨ ગામડાઓ સમાવતી આ પ્રતિષ્ઠાભરી બેઠકમા ડૉ. સી.જે. ચાવડા પ્રજાને ભાજપના ઉમેદવાર અને પોતાની સરખામણી કરવા સામેથી કહી રહ્યા છે. ગાંધીનગર શહેર હોય કે ગ્રામ્ય વિસ્તાર, સામાન્ય માનવીથી લઈ દરેક કાર્યકરના નાના-મોટા કામ હોય અથવા સુખદુખના પ્રસંગો ડૉ. સી.જે. ચાવડા પક્ષપાત કે રાતદિવસ જોયા વિના સતત દોડ્યા છે. પોતે એક કર્મઠ અને નિષ્ઠાવાન અધિકારી રહી ચુકયા હોવાથી ભાજપ સરકારમાં કર્મચારીઓના ‘કોઈ દુશ્મન’ હોય તે રીતે થયેલા શોષણને તે હ્દયની લાગણીથી સમજે છે. આશા વર્કર હોય કે પછી કરાર આધારીત કર્મચારીઓ તેમની વેદનાને સમજતા ડૉ. સી.જે. ચાવડાએ આઉટસોર્સ કે કોન્ટ્રાક્ટથી ભરતી બંધ કરવાની વાત કરી છે. કર્મચારીઓની ખાલી જગ્યા તાત્કાલીક ભરવા સાથે શિક્ષિત બેરોજગારોને ભથ્થુ આપવાનો ડૉ. સી.જે. ચાવડાનો લક્ષ્યાંક છે. ભાજપ સરકારે છેલ્લા ૨૨ વર્ષમા એટલા કર્મચારીઓને રાહતદરે રહેણાંકના પ્લોટ આપ્યા નથી. ત્યારે ડૉ. સી.જે. ચાવડાએ અમરસિંહ ચૌધરી સરકારની જેમ દરેક કર્મીને પ્લોટ આપી ‘મીની ગાંધીનગર’ બનાવવાનું સપનું જોયુ છે. પ્રજાનુ પણ ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થયુ નથી ત્યારે સમગ્ર મત વિસ્તારની પ્રજા એક આલેખ જગાવીને બેઠી છે.

### આજે કલોલ પાનસરમાં રાહુલ ગાંધીની જાહેરસભા

ગાંધીનગર જિલ્લાના વિવિધ વિસ્તારોમાં દિગ્ગજ રાજનેતાઓની જાહેર સભાઓ શરૂ થઈ ગઈ છે. ત્યારે ગઈકાલે કલોલ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરસભા બાદ રાહુલ ગાંધી આ જ વિસ્તારમાં વાતાવરણ બદલવા જાહેરસભા યોજનાર છે. રવિવારે રાહુલ ગાંધીની જાહેરસભા કલોલના પાનસર ખાતે ઓળા ફાટક નજીક બપોરે ત્રણ વાગ્યે યોજાનાર છે.

**સાક્ષર બનો સશક્ત બનો**



સર્વે જાહેર જનતાને જણાવવાનું કે ઉત્તર ગાંધીનગરના એકમાત્ર મહિલા ઉમેદવારનો આપનો કિંમતી અને પવિત્ર મત આપી દફતરના (સ્કુલબેગ) સામેનું બટન દબાવી જંગી બહુમતીથી વિજયી બનાવો.

નિશાન

ક્રમાંક ઉમેદવારનું નામ
૧૧ બહુગુણા રશ્મીબેન બી.



સ્કુલ દફતર


મતદાન તા. ૧૪-૧૨-૨૦૧૭, સમય સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી

## સોશિયલ મીડિયાના પ્રચારોમાં રોહિત નાયાણી ભાજપ-કોંગ્રેસથી આગળ

### સોશિયલ બેકર્સ નામની વેબસાઈટ દ્વારા છેલ્લા મહિનાના ઓનલાઈન સર્વે મુજબ

ગાંધીનગર, તા. ૯

ગુજરાત રાજ્યમાં પ્રથમ તબક્કાની ચૂંટણીનું મતદાન પૂર્ણ થઈ ગયું છે. ત્યારે બીજા તબક્કાની ચૂંટણીના ઉમેદવારોએ પ્રચાર તેજ કરી દીધા છે. ઓછા સમયમાં સૌથી વધુ મતદારોને મળી શકાય તે માટે હાઈટેક પ્રચાર પદ્ધતિ અપનાવી રહ્યા છે. ઉમેદવારો સોશિયલ મિડીયામાં




જોર-શોરથી પ્રચાર કરી રહ્યા છે. ત્યારે ગાંધીનગર ઉત્તર બેઠક પર એનસીપીમાંથી ચૂંટણી લડી રહેલા રોહિત નાયાણી ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોમાં સૌથી આગળ છે. સોશિયલ બેકર્સ નામની વેબસાઈટ દ્વારા છેલ્લા ૧ મહિનાના ઓનલાઈન સર્વે મુજબ ફેસબુકમાં ફક્ત ૮ જ દિવસમાં રોહિત નાયાણી (i Supporat rohit natani)પેજને ૧૫,૦૦૦થી વધુ લાઈક્સ મળી છે. જ્યારે ભાજપના ઉમેદવાર અશોકભાઈ પટેલનું પેજ ઘણા લાંબા સમયથી કાર્યરત હોવા છતાં ૩૩,૦૦૦ લાઈક્સ અને કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડાના પેજ પર ૧૨,૦૦૦ લાઈક્સ મળેલી છે. જ્યારે ૭ ડિસેમ્બર ૨૦૧૭ સુધી મતલબ કે ચૂંટણી પહેલાના અઠવાડીયામાં ગ્રોથ રેટમાં રોહિત નાયાણી ૧૭૯૫૦.૦૦ ટકા, અશોક પટેલ ૧૭૧.૨૨ ટકા, અને ડૉ. સી.જે. ચાવડાને ૬૨.૫૨ ટકા મળેલ છે. રિસ્પોન્સ રેટ/ઈન્ટરેક્સનરેટ એટલે કે કેટલા યુઝર લાઈક, કોમેન્ટ કે શેર કરે છે તેમાં જોઈએ તો રોહિત નાયાણી ૫૩૦૦, અશોક પટેલ ૪૦૦૦, ડૉ. સી.જે. ચાવડા ૪૮૦૦ લાઈક, કોમેન્ટ કે શેર કરેલ છે. આવા દરેક ૧૦૦૦ યુઝર્સમાં રિસ્પોન્સ રેટ મતલબ કે યુઝર્સ લાઈક કોમેન્ટ શેર કરે છે. તે રેશિયા પ્રમાણે પણ જોઈએ તો રોહિત નાયાણીને ૭૦૨.૩૯૨, અશોક પટેલને ૩૮૨.૦૭૯, ડૉ. સી.જે. ચાવડાને ૧૪૩.૧૭૫ આમ સોશિયલ બેકર્સ નામની વેબસાઈટ દ્વારા કરાયેલા તમામ સર્વેની કેટેગરીમાં એનસીપીના ઉમેદવાર રોહિત નાયાણી ભાજપ-કોંગ્રેસથી ઘણા આગળ છે. ત્રણેય પેજની ટોપ પોસ્ટ લાઈક્સ જોઈએ તો રોહિત નાયાણીને ૧૦૦૨ લાઈક્સ, અશોક પટેલને ૭૭૮ લાઈક્સ, જ્યારે ડૉ. સી.જે. ચાવડાને ૯૪૨ લાઈક્સ મળી છે. ટોટલ પેજ લાઈક્સ ગમે તેટલા હોય શકે છે. પણ સોશિયલ મિડીયામાં મુલ્યાંકન ઈન્ટરેક્શન પર એક હજાર ફેન્સમાં થાય છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ